ચંદની પડવો: પોતીકા પર્વે સુરતીઓ 150 ટન ઘારી-ભૂસું ઝાપટી જશે

150 ટનના માર્કેટમાં સર્વાધિક 96 ટન સુમુલ ડેરી ઘારી વેચાણ કરશે

2700 થી 3000 કિલો ચોર્યાસી ડેરી, મોઢ વણિક અને રાણા સમાજ 5000/5000 કિલો ઘારીનું વેચાણ કરશે

સુરતની આસપાસનાં તમામ ફાર્મ હાઉસ, વીકએન્ડ વિલા શુક્ર, શનિ, રવિ ત્રણ દિવસ ફુલ

ચંદની પડવાની ઉજવણી આગામી શુક્રવારે રાતે શહેરના પીપલોદ ગૌરવ પથ,પાલ ગૌરવ પથ રોડ,ડુમસ ખાતે થશે.સુરતની આસપાસના તમામ ફાર્મ હાઉસ, વિકેન્ડ વિલા શુક્ર, શનિ, રવિ ત્રણ દિવસ ફૂલ થઇ ગયા છે.કેટલાક પરિવારો એ સાપુતારા, હથગઢ દમણ,અને સિલવાસાની હોટેલ,રિસોર્ટમાં ગ્રુપ કાર્યક્રમ ગોઠવ્યા છે.જ્યાં શુક્રવારની સાંજથી રવિવારની સાંજ સુધિ સેલિબ્રેશન ચાલશે.સુરતની સોસાયટીઓ અને ટેરેસ પર પણ આયોજન થયા છે. અસ્સલ સુરતીઓની જેમ ફૂટપાથ પર પરિવારની સાથે ચાંદનીના પ્રકાશમાં ઘારી અને ભૂંસાની જ્યાફત માણશે.સુરતીઓ ઘારી સાથે સુરતી સમોસા, પેટીસ અને વિવિધ પ્રકારના ભજીયાની ઉજાણી પણ માણશે.

સુરત : આગામી શુક્રવારે "શરદ પૂનમના બીજા દિવસે કે ચંદની પડવાની સુરતીઓ ધામધૂમથી ઉજવણી કરશે.આ ઉજવણીના ભાગ સ્વરૂપે અત્યારથી તૈયારીઓ થઈ રહી છે.સુરતીઓ ચંદ્રની રોશનીમાં 150 ટન શુદ્ધ દેશી ઘી ની કેસર - બદામ - પિસ્તા ઘારી અને સુરતી ભૂંસુ ઝાપટી જશે.સુરતની જાણીતી ડેરીઓ,મીઠાઈની દુકાને,સહકારી મંડળીઓ,સામાજિક સંસ્થાઓને ચાલુ વર્ષે મોટાપાયે ઓર્ડર મળ્યા છે.સુમુલ ડેરીનાં ચેરમેન માનસિંહ પટેલે જણાવ્યું હતું કે, ગયા વર્ષે કેસર - બદામ - પિસ્તા ઘારી અને સુગર ફ્રી ઘારી મળી કુલ 90 ટન ઘારીનું સર્વાધિક વેચાણ કર્યું હતું.આ વર્ષે એડવાન્સ ઓર્ડર અને ડિમાન્ડ જોતા 96 ટન ઘારી એકલા સુમુલ ડેરી વેચશે.સુમુલ ડેરી ઓટોમેશન મશીનરી પર માનવ સ્પર્શ વિના હેલધી ઘારી બનાવે છે.બજારમાં અન્ય ઘારી વિક્રેતાઓ કિલો ઘારી 840 રૂપિયે વેચી રહી છે.પણ ઘારીની મોટાભાગની પ્રોડક્ટ ઈન હાઉસ હોવાથી સુમુલ ડેરીએ આ વર્ષે બજારની સ્થિતિ મુજબ કિલો

કેસર - બદામ - પિસ્તા ઘારીનો ભાવ 760 રૂપિયા રાખ્યો છે.જ્યારે એક્સપોર્ટ લાયક વિદેશ જતી સુગર ફ્રી ઘારીનો ભાવ કિલો એ 1000 રૂપિયા રાખ્યો છે.દશેરાથી અત્યાર સુધી સુમુલે 81 ટન શુદ્ધ ઘી નું વેચાણ પણ કર્યું છે.એ ઉપરાંત સુમુલ 50 લાખ સુધીનું સુરતી ભુસુ વેચાણ કરશે

ચોર્યાસી ડેરીના પ્રમુખ નરેશભાઈ પટેલે જણાવ્યું હતુંકે, આ વર્ષે ચોર્યાસી શુદ્ધ ઘી ની સાદી ઘારી અને બદામ - પિસ્તા ઘારી મળી કુલ 2700 થી 3000 કિલો ઘારીનું વેચાણ કરશે.ડેરીએ ડિમાન્ડ મુજબ ઘારીનું ઉત્પાદન કર્યું છે.મોઢ વણિક અને રાણા સમાજ 5000/5000 કિલો ઘારી વેચાણ કરશે.150 ટન ઘારીનું કુલ વેચાણ થશે.કુલ માર્કેટમાં સુમુલનો હિસ્સો 70 જેટલો રહેશે."તાત્યા ટોપે યુદ્ધ જીતીને સુરત આવ્યા હતા ત્યારે તેમનું મોઢું મીઠું કરવા આવ્યું હતું, તે દિવસથી સુરતીઓ દ્વારા મીઠાઈ બનાવવામાં આવી રહી છે. તે દિવસથી સુરતના સુરતીઓ તે દિવસને ચંડી અથવા ચંદની પડવા તરીકે ઉજવણી કરી રહ્યાં છે.સુરતનો વ્યક્તિ અમીર હોય કે ગરીબ પોત પોતાનાં ગજા મુજબ ઘારી અને ભૂસું ખાય છે. ચંડી પડવાને દિવસે ઘારી અને ભૂંસાની મોટા પ્રમાણમાં ડિમાન્ડ રહેતી હોવાને લઈને ડેરીઓ અને મીઠાઈ વિક્રેતાઓ બહાર ત્રણ દિવસ અગાઉથી લાંબી લાઈનો લાગતી હોય છે.સુરતમાં સુગર ફ્રી સાથે ફ્લેવર્ડ ઘારી અને ફ્લેવર્ડ પૌઆનું પણ આ દિવસોમાં સારું વેચાણ થાય છે.

મનપાના ફૂડ વિભાગે 12 સંસ્થામાંથી ઘારી અને માવાના સેમ્પલ લીધા

- સુમુલ ડેરી રોડની સુરત તાપી ડિસ્ટ્રિક્ટ કો ઓ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિમિટેડ (સુમુલ ડેરી)
- અડાજણની મેસર્સ વિજય ડેરી પ્રોડક્ટ્સ
- વાડીફળીયાની મેસર્સ ઠક્કર મોતી હરજી મેઠીવાલા.
- ભટાર ચાર રસ્તાની ન્યુ રમેશ મીઠાઈ
- અંબાજી રોડની નિપુન ધનસુખલાલ
- અંબાજી રોડની ચોર્યાસી તાલુકા દૂધ વેચાણ કરનારી સહકારી મંડળી લિ.
- ભાગળ રાણી તળાવ મેઈન રોડની પીયુષભાઈ ચંપકલાલ બારડોલીવાલા
- ચૌટાબજારની શાહ જમનાદાસ સી. ઘારીવાલા
- ચૌટાબજારની 24 કેરેટ મિઠાઈ મેજિક
- ઝાંપાબજારની રમેશની મિઠાઈઓ
- ભાગળની બાબુભાઈ સ્વીટ સીલેક્શન
- બરાનપુરી ભાગળની મેસર્સ શાંતાબેન ઠાકોરભાઈ હલવાવાળા (ઠાકોર ની મીઠાઈ)

હીરા ઉદ્યોગની મંદી હવે મુંબઈ સુધી પહોંચી ગઈ

મુંબઈના ભારત ડાયમંડ બુર્સમાં કેબિનો ભાડે લઈ વેપાર કરતા વેપારીઓએ દેખાવો યોજ્યા

બુર્સ કમિટી સમક્ષ ઓફિસ ભાડું ઓછું કરવા, પ્રોપર્ટી ટેક્સ ભાડુઆત પાસે ન વસૂલવા અને ઓક્શન બંધ કરવા સૂત્રોચ્ચાર કર્યા

સુરતઃ હીરા ઉદ્યોગની મંદી મુંબઈ પહોંચી છે. અહીં પણ નાના વેપારીઓ ભારત ડાયમંડ બુર્સના શોષણ સામે અવાજ ઉઠાવી રહ્યા છે. કુદરતી હીરાનો વેપાર ઠપ થઈ ગયો છે. ત્યારે મંગળવારે મુંબઈના BKC સ્થિત ભારત ડાયમંડ બુર્સમાં કેબિનો ભાડે લઈ વેપાર કરતા વેપારીઓએ દેખાવો યોજવા સાથે બુર્સ કમિટી સામે વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓ, બ્રોકરની માંગ હતી કે, બુર્સ કમિટી બજારની સ્થિતિ મુજબ કેબિન સ્વરૂપે ઓફિસ ભાડું ઓછું કરે, પ્રોપર્ટી ટેક્સ ભાડુઆત પાસે ન વસૂલે અને કેબિનોનું ઓક્શન બંધ કરી નાના વેપારીઓને હેરાન ન કરે એ માટે સૂત્રોચ્ચાર કરી BDB કેમ્પસ ગજવી નાંખ્યું હતું. BDBના ત્રણ દાયકાના ઇતિહાસમાં એવું પ્રથમવાર થયું છે. અગાઉ કેબિન કામ ઓફિસધારક ભાડુઆતોએ તા.20-09-2024 રોજ આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે, અમે B, C, CW, E, FE, FW, J ટાવર વતી તમને જણાવવા માંગીએ છીએ કે અત્યારે જે ડાયમંડ માર્કેટની હાલત છે અને જે ભારત ડાયમંડ બુર્સ જે પ્રમાણે ભાડા લે છે તે અમારાથી સહન થાય તેવું નથી, તો અમે તમને દરખાસ્ત કરીએ છીએ કે BDB એક સંસ્થા છે. જે નાના વેપારીને પ્રોત્સાહિત કરવા અને તેમને કોઈપણ સમસ્યા વિના તેમનો વ્યવસાય કરવા માટે હોય છે, જે નહીં નફો નહીં નુકસાનના ધોરણે ચાલવા માટે હોય છે. નાના વેપારી મેઇન્ટેનન્સ વત્તા પ્રોપર્ટી ટેક્સ વત્તા લાઈટ બિલ વત્તા એસી બિલ અને મેમ્બરશિપ ચાર્જ આ બધું જ ચૂકવે છે. પ્રોપર્ટી ટેક્સ આખા મુંબઈમાં ભાડે રાખનાર કોઈ ભરતા નથી અને BDBને નાના વેપારી પ્રોપર્ટી ટેક્સ ચૂકવે છે. ત્યારે બુર્સ કમિટી ઓક્શન કરીને ભાડામાં શા માટે વધારો કરી રહી છે. તાત્કાલિક ઓક્શન બંધ કરી તેમાં વહેલા તે પહેલા અથવા ડ્રો સિસ્ટમની નીતિથી ઓફિસ ફાળવવી જોઈએ. વર્તમાન ભાડા દર પોષાય એમ નથી એ જોતાં જે વેપારીના જૂના ભાડા કરાર છે તે બધા જ કેન્સલ કરીને ૧-૧૧-૨૦૨૪થી નવા ભાડા કરાર કરી નવું ભાડું ૨૦૦ રૂપિયા સ્ક્વેર ફિટ કરવું જોઈએ. કમિટી બિલ્ડઅપ એરિયા પ્રમાણે ગણે છે તો તે ભાડું કાર્પેટ એરિયા પ્રમાણે ગણવું જોઈએ એમ વેપારીઓના અગ્રણી ભૂપતભાઈએ જણાવ્યું હતું.

કોલકાતા દુષ્કર્મ-હત્યા કેસની ન્યાયિક કાર્યવાહી ઝડપી કરવા સુરતમાં તબીબોની ભૂખ હડતાળ

સિવિલ અને સ્મીમેર હોસ્પિટલના 350 જુનિયર તબીબ, કોલકાતાના તબીબોની ભૂખ હડતાળના સમર્થનમાં આવ્યા

સુરતઃ કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં પીજી કરતી મહિલા ડોક્ટર સાથે દુષ્કર્મ કર્યા બાદ તેની ક્રુરતા પૂર્વક હત્યા કરવાના બનાવમાં પશ્ચિમ બંગાળની સરકારે ન્યાયી કાર્યવાહી ન કરી હોવાનું કહીને સુરતની નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર મેડીકલ કોલેજના તબીબોએ વિરોધ નોંધાવવા સાથે ભૂખ હડતાલ પર ઉતર્યા હતા. તેના કારણે દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. બીજી તરફ તબીબોએ જણાવ્યું હતું કે ભૂખ હડતાલથી દર્દીઓને કોઈ તકલીફ થઈ નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજની પીજીની મહિલા ડોક્ટર સાથે દુષ્કર્મ કરીને તેની ક્રુરતાપૂર્વક હત્યા કરવાના બનાવના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. દેશભરમાં ઘટનાનો વિરોધ કરીને આરોપીઓને સખત સજા કરીને ન્યાયની માંગ કરી કરવામાં આવી રહી છે. પશ્ચિમ બંગાળ સરકારે યોગ્ય અને ન્યાયી કાર્યવાહી ન કરી હોવાનું કહીને સુરતના તબીબો બીજી વખત વિરોધ નોંધાવીને ભૂખ હડતાલ પર ઉતર્યા હતા.

સુરત આઈએમએના પ્રમુખ ડો.સી બી પટેલે જણાવ્યું હતું કે સ્મીમેર હોસ્પિટલના 200 જેટલા અને નવી સિવિલ હોસ્પિટલના 150 જેટલા જુનિયર તબીબો ભૂખ હડતાળ પર ઉતર્યા છે અને આઇએમએનું તેમને સમર્થન છે. કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજના તબીબોના સમર્થનમાં આ કાર્યક્રમ યોજાયો છે.

તમાકુ મુક્ત યુવા અભિયાન 2.0: 2024 માટે સુરતની શાળાઓ સક્રિય બનશે

શહેરમાં મોટા ભાગની શાળાઓની 100 મીટરમાં ચાલતા પાનના ગલ્લા બંધ કરાવવા જરૂરી

13થી 15 વર્ષના વિદ્યાર્થીઓ શાળાની બહાર વ્યસન કરતા લોકોને જોઈને વહેલા પ્રેરાય છે

સુરતઃ સુરત જિલ્લામાં તમાકુના કારણે યુવાવર્ગમાં વધતા આરોગ્ય સંકટોને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા શાળાઓમાં તમાકુ મુક્ત યુવા અભિયાન 2.0 શરુ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા શાળાઓને આ અભિયાનમાં સક્રિય ભાગ લેવાનું સૂચન કરવામાં આવ્યું છે. અભિયાનની સફળતા માટે દરેક શાળાએ પોતાનો કામગીરી રિપોર્ટ જિલ્લા શિક્ષણ કચેરીમાં સમયસર મોકલવો ફરજિયાત રહેશે.

શાળાઓની 100 મીટરમાં તમાકુ નહીં વેચાય તેની જવાબદારી શાળાઓની રહેશે

આ અભિયાનનો પ્રાથમિક ઉદ્દેશ તમાકુના વપરાશના નુકસાનોથી વિદ્યાર્થી વર્ગને અવગત કરાવવાનો છે અને તેનાથી દૂર રહેવા પ્રેરિત કરવાનો છે. તમાકુની હાનિકારક આદતોને રોકવા માટે શિક્ષણ સંસ્થાઓ દ્વારા સક્રિય પગલાં ભરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. ઉપરાંત, COTPA 2003 કાયદાના અમલ માટે સ્કૂલની આસપાસ 100 મીટરના પરિધમાં તમાકુ ઉત્પાદનોની વેચાણની મનાઈ માટે શાળાઓએ ધ્યાન રાખવાનું રહેશે.

શાળાઓ માટે નિર્દેશો અને જવાબદારીઓ

- રેલી, પોસ્ટર સ્પર્ધા, નાટકો, અને વક્તૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓને જાગૃત કરવા.
- ToFEA (Tobacco Free Education Ambassador)ની નિમણૂક કરીને શાળામાં અભિયાનને આગળ વધારવું.
- શાળાના મુખ્ય પ્રવેશદ્વાર અને ગ્રાઉન્ડમાં તમાકુ વિમુક્તિના બોર્ડ લગાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.
- COTPA 2003 હેઠળ શાળાની આસપાસ 100 મીટરના પરિધમાં તમાકુ ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ માટે ચુસ્ત દેખરેખ રાખવી.

વિપક્ષી નગરસેવકોનું લેતીદેતી પ્રકરણનું ભૂત ફરી ધૂણ્યું

ACBમાંથી બંધ ટપાલ આવ્યા બાદ, વરાછાના બે અધિકારી રજા પર ઊતરી ગયા

ઇનચાર્જ આસિ. કમિ. ધનંજય રાણે-કાર્યપાલક ઇજનેર વસાવાએ ટપાલ સ્વીકારી નહીં ને રજા પર ઊતરી ગયાની ચર્ચા

સુરત : વરાછા ઝોનમાં પાર્કીંગના ઈજારદાર અને વિપક્ષી નગર સેવકો વચ્ચે લેતીદેતીના પ્રકરણમાં એસીબીના કેસમાં ઝોનના કાર્યપાલક ઈજનેર અને ઈન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર પર પણ આક્ષેપો થયા છે. આ બન્ને અધિકારીઓ પણ એસીબીની રડારમાં છે. આ વિવાદ બાદ ઈન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર ધનંજય રાણે પાસેથી ચાર્જ લઈ લેવાયો છે. પરંતુ એસીબી તપાસનો ધમધમાટ હજુ ચાલુ જ છે.

મળતી માહિતી મુજબ એસીબીમાંથી વરાછાના કાર્યપાલક ઈજનેર કમલેશ વસાવા અને તત્કાલિન ઈન્ચાર્જ આસિસ્ટન્ટ કમિશનર ધનંજય રાણેના નામનું બંધ પરબીડીયું મોકલવામાં આવ્યું છે. ત્યારબાદ બન્ને અધિકારી અચાનક રજા પર ઉતરી જતા ચર્ચાનો વિષય બન્યા છે.

મનપાના સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર વરાછા ઝોનમાં પાર્કિંગના ઈજારદાર પાસેથી વિપક્ષના બે સભ્યોએ લાંચ માગી હોવાની ફરિયાદ થઈ હતી, ત્યારબાદ બે નગરસેવકો વિપુલ સુહાગીયા અને જીતેન્દ્ર કાછડીયાની ધરપકડ પણ થઈ ચુકી છે.

દરમિયાન આ પ્રકરણમાં વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર કમલેશ વસાવા અને આસિસ્ટન્ટ કમિશનર ધનંજય રાણેની હાજરીમાં સમગ્ર ડીલ થઈ હોવાનો પણ આક્ષેપ હોવાથી, આ બન્ને સામે પણ એસીબીની તપાસ ચાલી રહી છે.

ત્યારે બે દિવસ પહેલા અચાનક એસીબીમાંથી બન્નેના નામના બંધ કવર આવ્યા હતા. જો કે આ અધિકારીઓ કવર સ્વિકારવાને બદલે રજા પર ઉતરી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

સ્મીમેર મેડિકલ કોલેજમાં MBBSમાં તોતિંગ ફી વધારાની તૈયારી

MBBSમાં પ્રથમ વર્ષમાં ગર્વ. ક્વોટામાં દોઢ લાખ, મેનેજમેન્ટ ક્વોટામાં 4.96 લાખ અને એનઆરઆઈ ક્વોટામાં 1500 ડોલરનો ફી વધારો સરકારે મંજૂર કરી દીધો છે

હવે મનપાના શાસકોની મંજૂરી માટે તંત્ર દ્વારા સ્થાયી સમિતિમાં દરખાસ્ત મૂકવામાં આવી

સુરતઃ સ્મીમેર મેડિકલ કોલેજમાં હાલમાં એમબીબીએસની 250 બેઠકો પૈકી એનઆરઆઈ ક્વોટાની 15 ટકા, મેનેજમેન્ટ ક્વોટાની 10 ટકા અને ગવર્નમેન્ટ ક્વોટાની 75 ટકા બેઠકો પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશની ફાળવણી થાય છે. ત્રણેય ક્વોટાની બેઠકોની ફીમાં ચાલુ સત્રમાં વધારો કરવાનું નક્કી કરાયું છે. જે માટે શાસકો સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી છે.

સ્મીમેર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ગત બે વર્ષના રેવન્યુ ખર્ચ અને કેપિટલ ખર્ચ તેમજ આગામી ત્રણ વર્ષના સંભવિત ખર્ચને ધ્યાનમાં રાખીને ફી રેગ્યુલેટરી કમિટી(મેડિકલ) ગુજરાત સમક્ષ નવા ફી માળખા માટે પ્રપોઝલ મોકલવામાં આવી હતી. કોલેજ પ્રશાસન તરફથી 2024-25, 2025-26 અને 2026-27 વર્ષ માટે એટલે કે ત્રિ-વાર્ષિક સમયગાળા માટે સ્નાતક અભ્યાસક્રમની ફીની પ્રપોઝલ રેગ્યુલેટરી કમિટીને મોકલવામાં આવી હતી. જે પૈકી ગવર્નમેન્ટ અને મેનેજમેન્ટ ક્વોટાની 2024-25ની એક વર્ષ માટેની ફી તેમજ એનઆરઆઇ ક્વોટાની 2024-25, 2025-26 અને 2026-27 એમ ત્રણ વર્ષ માટેની ફી મંજૂર કરવામાં આવી છે. કોલેજ પ્રશાસને 2024-25 માટે ગવર્નમેન્ટ ક્વોટાની 8.95 લાખ રૂપિયા, મેનેજમેન્ટ ક્વોટાની 19.96 લાખ રૂપિયા અને એનઆરઆઈ ક્વોટાની પ્રપોઝ કરેલી 29,500 ડોલર ફી મંજૂર થઇ છે. એટલે કે, 2023-24ની સરખામણીમાં ગવર્નમેન્ટ ક્વોટાની બેઠકો પર દોઢ લાખ રૂપિયા, મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર 4.96 લાખ રૂપિયા અને એનઆરઆઈ ક્વોટાની બેઠકો પર 1500 ડોલરનો વધારો ઝીંકાશે.

આજે શરદ પૂનમ: ઠેર ઠેર ગરબાનાં આયોજનો સાથે સુરતીઓ દૂધ પૌઆની જયાફ્ત માણશે

આજે સાકર નાંખેલા દૂધમાં પૌઆ પલાળીને ચાંદના પ્રકાશમાં રાખ્યા બાદ સેવન કરવાથી શરીરમાં પિત્તનું શમન થાય છે

સુરતઃ બુધવારે શરદ પૂનમના દિવસે અનેક જગ્યાએ ગરબાનાં આયોજન સાથે દૂધ પૌઆનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. શરદ પૂનમના દિવસે ગરબા સાથે દૂધ પૌઆની પ્રથા એટલે ધર્મ અને વિજ્ઞાનનો અનોખો સંગમ રહેલો છે. શરદ ઋતુમાં થતા રોગને અટકાવવા માટે સાકરવાળું દૂધ અને પૌઆ ખાવા તથા પરસેવો થાય ત્યાં સુધી કસરત કરવી એ પ્રકારનું આયુર્વેદ કહે છે. જેના કારણે શરદ પૂનમમાં પણ દૂધ પૌઆ અને ગરબા રાખવામાં આવે છે કે તેની ભાગ્યે જ કોઈને ખબર હશે. આ ઉપરાંત શરદ પૂનમની રાત્રે વૃંદાવનમાં કૃષ્ણ ભગવાને ગોપીઓ સાથે રાસલીલી રમી હતી તેવી પણ એક ધાર્મિક માન્યતા છે.

શરદ પૂનમનું એક મહત્ત્વ એટલે પણ છે કે, ઋતુ બદલાય એટલે હવામાન બદલાય અને તેની સાથે જીવનશૈલી પણ બદલવાની જરૂર પડે. આ વાત લોકો સરળતાથી સમજાવવા આયુર્વેદમાં આરોગ્યને શરદ પૂનમ સાથે જોડી દીધું છે. આયુર્વેદના નિષ્ણાતો કહે છે, હાલ દિવસમાં આકરો તાપ અને રાત્રે ઠંડી પડે છે. જેને કારણે પિત્તનો પ્રકોપ વધે એટલે બીમારી થાય. આ પિત્ત પ્રકોપને શાંત કરવા શરદ પૂનમનું મહત્ત્વ કરાયું છે. આ દિવસોમાં ઠંડા પહોરે પરસેવો થાય તેવી કસરત કરવાની હોય છે તેથી ગરબાનું મહત્ત્વ કરાયું છે. જ્યારે સાકર નાંખેલા દૂધમાં પૌઆનું સેવન કરવાથી પિત્તનું શમન થાય છે અને અને શરીર સ્વસ્થ રહે છે. જેના કારણે આજે પણ સુરતમાં અનેક લોકો દ્વારા શરદ પૂનમના દિવસે રાત્રિના સમયે સાકરવાળું દૂધ અગાસી પર ચાંદનીના પ્રકાશમાં મૂકવામાં આવે છે. લોકોમાં એવી માન્યતા છે કે, આ રાતનો ચંદ્રમાં પોતાની સમસ્ત કળાઓની સાથે હોય છે અને ધરતી પર અમૃત વરસાવે છે. આ ચાંદનીના પ્રકાશની ખીર કે દૂધ મૂકવામાં આવે છે પછી તેને આરોગવામાં આવે છે. ચંદ્રની અમૃતવર્ષા નીચે મૂકેલી આ ખીરથી રોગી રોગમુક્ત પણ થાય છે. આ ખીર દેવતાઓનું પ્રિય ભોજન પણ છે. તેના કારણે અનેક સુરતીઓ શરદ પૂનમની રાત્રે ચાંદના પ્રકાશમાં મુકાયેલા દૂધ પૌઆ ખાઈ રહ્યા છે.

અલથાણમાં મેટ્રોના 35 ફૂટ ઊંચા પિલર પર કામ કરી રહેલા શ્રમિકનો હાથ મશીનમાં ફસાઈ ગયો

સુરતઃ શહેરમાં નિર્માણ પામી રહેલા મેટ્રો ટ્રેન પોજેક્ટની સાઈટો પર દુર્ઘટનાઓ સર્જાવાની ઘટનાઓ વારંવાર પ્રકાશમાં આવતી હોય છે, ત્યારે સોમવારે રાત્રે સુરત શહેરમાં અલથાણ કેનાલ રોડ સ્થિત 35 ફુટ ઊંચા પિલર ઉપર કામ કરી રહેલા એક કામદારનો હાથ સ્લાઈડીંગ રેલીંગમાં ફસાઈ ગયો હતો.

અલથાણ કેનાલ રોડ ખાતે આશીર્વાદ સર્કલ પાસેની સાઈટ ઉપર ગઈકાલે રાત્રે 30થી 35 ફુટ ઊંચા પિલર ઉપર નાઈટ શિફ્ટમાં કેટલાક કામદારો કામ કરી રહ્યા હતા. દરમિયાન 24 વર્ષીય અકબર અલી (મૂળ રહે. ઉત્તર પ્રદેશ, ગાજિયાબાદ) નામના મજુરનો ડાબો હાથ પિલરની સ્લાઈડીંગ રેલીંગમાં ફસાઈ ગયો હતો. સાથી કામદારો તેની મદદ માટે દોડી ગયા હતાં અને તેના હાથને કાઢવાના પ્રયત્નમાં લાગી ગયા હતા. જો કે ખરાબ રીતે ફસાયેલો હાથ નીકળી શક્યો ન હતો, તેથી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા

(Visit us at www.Suratmunicipal.gov.in)

આકારણી અને વસુલાત વિભાગ

સને ૨૦૨૪-૨૫નાં વર્ષ માટેની આકારણી અંગેની

જાહેર નોટિસ

વિસ્તાર : સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ સેન્ટ્રલ ઝોન ૧૨-એ,બી (શાહપોર), પર-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર),૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ એચ - (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ(લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં. ૧૪-એ (ખટોદરા), ૨૭-બી,સી,ડી,(ઉધના),૩૦-બી,સી(પાંડેસરા),**સાઉથઝોન-બી (કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં. ૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા)ના વિસ્તારોમાં આવેલ ઈમારતો / જગાઓના સંદર્ભમાં સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી ''નવી આકારણીની ચોપડી'' બાબત

૧/ સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ (સને ૧૯૪૯ નાં મુંબઈ અધિનિયમ ક્રમાંક - ૫૯) ની અનુસૂચિ-ક ના પ્રકરણ-૮ અન્વયે કરવેરાનાં નિયમોના નિયમ-૨૧ નાં પેટા નિયમ (૨) અન્વયે ઠરાવ્યા મુજબ મજકુર અધિનિયમ અન્વયેનાં મિલ્કતકરોનાં હેતુ માટે સુરતની કોર્પોરેશને નકકી કરેલ સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર),પર-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ -એચ (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯-એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ (ખટોદરા), ૨૭-બી, સી, ડી, (ઉધના),૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી(કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) હેઠળનાં સ્થાનિક વિસ્તારોમાં આવેલી ઈમારતો/જમીનો/જગાઓનાં સંદર્ભમાં મજકુર કરવેરાનાં નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતો સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષથી અમલમાં આવતી નવી આકારણીની ચોપડી તૈયાર કરવામાં આવેલી છે અને તદ્દાનુસાર મિલકતકરો આકારવાનું, ઉઘરાવવાનું તથા વસુલ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

૨/ **મ્યુનિ. સેન્ટ્રલ ઝોન** નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર),પર-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ -એચ(મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ(ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ(ખટોદરા), ૨૭- બી, સી, ડી, (ઉધના), ૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી(કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) માં આવેલ તમામ ઈમારતો જમીનો / જગાઓના સંદર્ભમાં મિલકતવેરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિતઓ/તેના ધારણ કરનારાઓ/તેના ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી રીતે દાવો કરતી હોય તેવી વ્યકિતઓને, મજકુર કરવેરા નિયમોના નિયમ-૧૩ અને ૧૫ અન્વયે ઠરાવ્યા મુજબ આથી જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, મજકુર નવી આકારણીની ચોપડીની કરવેરાના નિયમોના નિયમ-